**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# કૃષિ મહોત્સવ–૨૦૧૨

## માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ કૃષિ મહોત્સવ–૨૦૧૨ કાર્યક્રમનો અહેવાલ

### (૧) પ્રસ્તાવના :

સને ૨૦૦૫થી દર વર્ષે અખાત્રિજના દિવસથી રાજય સરકારશ્રી તરફથી એક માસની સમયાવધિના રાજય વ્યાપી ભવ્ય કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. નવિનત્તમ કૃષિ ટેકનોલોજીને કૃષિ યુનિવર્સિટીઓની પ્રયોગશાળામાંથી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ કૃષિ વિકાસના આ મહા અભિયાનમાં દર વર્ષે કૃષિ જાગૃતિની સાથે સાથે રાજય સરકારશ્રીના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો અને લોક કલ્યાણની યોજનાઓના નવા નવા પરિમાણોનો ઉમેરો થતો રહ્યો છે.

કૃષિ સમૃધ્ધિ થકી આર્થિક સમૃધ્ધિના મહામંત્રની અવિરત આગેકૂચના ભાગ રૂપે ચાલુ વર્ષ ૨૦૧૨ દરમ્યાન રાજય સરકારશ્રી તરફથી તા.૦૬/૦૫/૨૦૧૨ થી ૩૧/૦૫/૨૦૧૨ (એક માસ) સુધી આઠમા "કૃષિ મહોત્સવ–૨૦૧૨" નું આયોજન કરવામાં આવેલ હતું.

### (૨) માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ ઉદ્દઘાટન સમારોહ કાર્યક્રમ :

કૃષિ મહોત્સવ–૨૦૧૨ના ઉપલક્ષમાં નવસારી કૃષિ યુનિવર્સિટી અને વલસાડ જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં તા.૧૭/૦૫/૨૦૧૨ને ગુરુવારના રોજ દક્ષિણ ગુજરાતની આદિવાસી પટ્ટીમાં આવેલ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલ નાનાપોંઢા ગામ ખાતે માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતીમાં "કૃષિ મહોત્સવ–૨૦૧૨" કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

- માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબનું સવારના ૧૦.૦૦ કલાકે નાનાપોંઢા ખાતે હેલીપેડ પર આગમન થયું હતું.
- હેલીપેડથી સીધા કૃષિમેળાના સ્થળે પધારીને સૌ પ્રથમ પશુ ચિકીત્સા કેમ્પનું ઉદ્દઘાટન કર્યુ હતું અને પશુ ચિકીત્સા કેમ્પની રસપૂર્વક પૃચ્છા કરી હતી. ત્યારબાદ ખુલ્લી શણગારેલ જીપ દ્વારા કૃષિમેળો અને ફળ, ફૂલ, કેરી, શાકભાજી પ્રદર્શનના સ્ટોલ્સની મુલાકાત લઈને મુલાકાતી ખેડૂતો અને સ્ટોલધારકોનું અભિવાદન ઝિલ્યું હતું.
- સમારોહના ઉદ્દઘાટક અને અધ્યક્ષ માન.મુખ્યમંત્રીશ્રી સવારના ૧૦.૩૦ કલાકે નાનાપોંઢા ખાતે આયોજીત થયેલ મુખ્ય ઉદ્દઘાટન સમારોહના સભામંડપમાં પધાર્યા હતા.
- માન.મુખ્યમંત્રીશ્રી નાનાપોંઢા ખાતે આયોજીત થયેલ મુખ્ય ઉદ્દઘાટન સમારોહના સભામંડપમાં પધાર્યા તે પહેલાં નીચે દર્શાવેલ મહાનુભાવોએ ઉપસ્થિત વિશાળ જન મેદનીને સંબોધી હતી.
- – શ્રીમતી ઉષાબેન પટેલ, ધારાસભ્યશ્રી, પારડી અને ઉપ દંડકશ્રી, વિધાનસભા (આવકાર પ્રવચન)
  – શ્રી મંગુભાઈ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી
  – શ્રી દિલીપભાઈ સંઘાણી, કૃષિમંત્રીશ્રી

- ઉદ્‌ઘાટન સમારોહમાં પધારીને માન.મુખ્યમંત્રીશ્રીએ ૧૦.૩૦ કલાકે નીચે દર્શાવેલ મહાનુભાવોની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કર્યુ હતું.

  – શ્રી નરોત્તમભાઈ પટેલ, માન. મંત્રીશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને પ્રભારી મંત્રીશ્રી, વલસાડ જિલ્લો
  – શ્રી દિલીપ સંઘાણી, માન. મંત્રીશ્રી, કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન
  – શ્રી મંગુભાઈ પટેલ, માન. મંત્રીશ્રી, આદિજાતિ કલ્યાણ, વન અને પર્યાવરણ
  – શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, માન. ઉપાધ્યક્ષશ્રી, આયોજન પંચ, ગુજરાત રાજય
  – શ્રી ઈશ્વરસિંહ પટેલ, માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, સહકાર અને પ્રભારી મંત્રીશ્રી, વલસાડ જિલ્લો
  – શ્રીમતી ઉષાબેન પટેલ, માન. ધારાસભ્યશ્રી, પારડી અને ઉપ દંડકશ્રી, વિદ્યાનસભા
  – શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, કુટિર ઉદ્યોગ અને વાહન યવહાર
  – શ્રી સી.આર.પાટીલ, માન. સાંસદશ્રી, નવસારી
  – શ્રી એ.કે. જોતિ, માન. મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય
  – શ્રી દોલતભાઈ દેસાઈ, માન. ધારાસભ્યશ્રી, વલસાડ
  – શ્રી રમણભાઈ પાટકર, માન. ધારાસભ્યશ્રી, ઉંમરગામ
  – શ્રી કીરીટભાઈ પટેલ, માન. ધારાસભ્યશ્રી, ઓલપાડ
  – શ્રી આર.સી પટેલ, માન. ધારાસભ્યશ્રી, જલાલપોર
  – શ્રી વિજય પટેલ, માન. ધારાસભ્યશ્રી, ડાંગ
  – શ્રી નરેશ પટેલ, માન. ધારાસભ્યશ્રી, ચીખલી
  – શ્રી લક્ષ્મણભાઈ પટેલ, માન. ધારાસભ્યશ્રી, ગણદેવી
  – શ્રીમતી મીનાબેન ચૌધરી, માન. અધ્યક્ષા, જિલ્લા પંચાયત, વલસાડ
  – શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, નવસારી
  – શ્રી કાનજીભાઈ પટેલ, માજી સાંસદશ્રી, રાજયસભા
  – શ્રી મણીભાઈ પટેલ, માજી સાંસદશ્રી, વલસાડ
  – શ્રી સતપાલ મલીક, માન. માજી કેન્દ્રિય મંત્રીશ્રી
  – શ્રી ઓ.પી. ધનકર, રાષ્ટ્રિય ભારતીય કીસાન સંઘ
  – શ્રી મોંઘાભાઈ દેસાઈ, ચેરમેનશ્રી, વસુધારા ડેરી
  – પ્રમુખશ્રી, કપરાડા તાલુકા પંચાયત

- દીપ પ્રાગટય બાદ ઉપરોકત મહાનુભાવોએ માન.મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યુ હતું. ત્યારંબાદ દક્ષિણ ગુજરાતના કુલ ૧૧ પ્રગતિશીલ ખેડૂતોએ તેઓએ કૃષિક્ષેત્રે કરેલ નોંધપાત્ર કામગીરીના પ્રતિક સાથે માન.મુખ્યમંત્રીશ્રીનું સન્માન કર્યુ હતું.

- માન.મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિભેટ (મોમેન્ટો) અર્પણ કરીને નીચે મુજબ સન્માન કરવામાં આવ્યું હતું.

  શ્રી નરોત્તમભાઈ પટેલ, માન. પ્રભારી મંત્રીશ્રી તરફથી વિવેકાનંદની પ્રતિમા આપીને, શ્રી દિલીપ સંઘાણી, માન. કૃષિમંત્રીશ્રી તરફથી "ફૂલની સૂકવણી દ્વારા મૂલ્યવર્ધન" થીમ સાથેનું વોલપીસ આપીને અને ડો. એ.આર. પાઠક, કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી ગાંધીજીની પ્રતિમા આપીને.

- માન.મુખ્યમંત્રીશ્રીએ દક્ષિણ ગુજરાતના ચાર સરદાર પટેલ એવોર્ડ વિજેતા ખેડૂતો અને બે બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ વિજેતા ખેડૂતોનું ચેક, શાલ અને સન્માનપત્ર આપીને સન્માન કર્યુ હતું.

- માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૧૧ લાભાર્થીઓને યોજનાકીય સહાયના ચેક / મંજૂરીપત્ર એનાયત કરવામાં આવેલ હતા.
- માન.મુખ્યમંત્રીશ્રીએ વિશાળ ખેડૂત ભાઈઓ અને બહેનોની જનમેદનીને ૪૧ મિનીટ સુધી સંબોધન કર્યુ હતું.
- માન.મુખ્યમંત્રીશ્રી ના ઉદબોધન સમયે સભા મંડપની અંદર અને બહાર લગભગ ૩૫૦૦૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતી હતી.
- માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે નાનાપોંઢાથી આગળના ગંતવ્ય સ્થાને જવા માટે બપોરના ૧૧.૩૦ કલાકે હેલિકોપ્ટર મારફતે પ્રયાણ કર્યુ હતું.










## (૩) કૃષિમેળો અને ફળ, ફૂલ, કેરી, શાકભાજી પ્રદર્શન :

તા. ૧૭/૦૫/૨૦૧૨ને ગુરુવાર ના રોજ વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં આવેલ નાનાપોંઢા ગામ ખાતે એક દિવસીય કૃષિમેળો અને ફળ, ફૂલ, કેરી, શાકભાજી પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેનો સંક્ષિપ્તમાં અહેવાલ નીચે મુજબ છે.

### (૩.૧) કૃષિ પ્રદર્શન સ્ટોલ્સની વિગત

- કૃષિમેળાની તારીખ અને સમયગાળો : તા.૧૭/૦૫/૨૦૧૨ એક દિવસ સવારના ૯.૦૦ થી ૧૮.૦૦ ક. સુધી.
- કૃષિમેળાનું ઉદ્‌ઘાટન માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સવારેસવારના ૧૦.૦૫ કલાકે કરવામાં આવ્યું હતું.
- કૃષિમેળામાં ૧૦'×૧૫' ની સાઈઝના કુલ ૫૪ કૃષિ પ્રદર્શન સ્ટોલ્સ રાખવામાં આવેલ હતા, જે પૈકી ૨૫ સ્ટોલ્સ નવસારી કૃષિ યુનિવર્સિટી અને ૨૯ સ્ટોલ્સ ખેતીવાડી ખાતા/ એન.જી.ઓ. /પ્રાઈવેટ એગ્રો માર્કેટીંગ સંસ્થાઓના હતા.
- નવસારી કૃષિ યુનિવર્સિટીના ૨૫ સ્ટોલ્સની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | પાક/વિષય ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર વિભાગનું નામ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શેરડી | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(શેરડી), વિભાગીય શેરડી સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૨ | ડાંગર | મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી (વ્યારા સાથે સંકલન) | ૧ |
| ૩ | કઠોળ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કઠોળ), કઠોળ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૪ | હલકાં ધાન્યો | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ, જિ.ડાંગ | ૧ |
| ૫ | તેલિબીયાં (મગફળી,દિવેલાં,ખરસાણી) | સહ સંશોધન વૈજ્ઞાનિક, નાઈઝર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વણારસી, તા.વાંસદા | ૧ |
| ૬ | કપાસ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત | ૧ |
| ૭ | જુવાર | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત | ૧ |
| ૮ | ઘઉ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ઘઉ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., બારડોલી | ૧ |
| ૯ | જળ અને જમીન વ્યવસ્થાપન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), ન.કૃ.યુ.,નવસારી | ૨ |
| ૧૦ | ફુડ કવોલીટી ટેસ્ટીંગ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ફુડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, ન.કૃ.યુ., નવસારી | ૧ |
| ૧૧ | કૃષિ ઈજનેરી | પ્રાધ્યાપકશ્રી(કૃષિ ઈજનેરી), ન.મ.કૃ.મ., ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૨ | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી | પ્રાધ્યાપકશ્રી(કૃષિ ઈજનેરી), ન.મ.કૃ.મ., ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૩ | કીટક નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી(કૃષિ કીટકશાસ્ત્ર ), ન.મ.કૃ.મ., ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૪ | વનસ્પતિ રોગ નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી(પ્લાન્ટ પેથોલોજી), ન.મ.કૃ.મ., ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૫ | બાગાયત (હાઈટેક હોર્ટિકલ્ચર) | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી | ૨ |
| ૧૬ | ફોરેસ્ટ્રી | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી | ૧ |
| ૧૭ | પશુપાલન | આચાર્યશ્રી, વનબંધુ પશુચિકિત્સા–વ–પશુપાલન મહાવિદ્યાલય, નવસારી | ૨ |
| ૧૮ | જમીન વિજ્ઞાન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જમીનવિજ્ઞાન), જમીન વિજ્ઞાન વિભાગ, ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૯ | કૃષિ શિક્ષણની સવલતો | કુલસચિવશ્રી, ન.કૃ.યુ.,નવસારી (એબીએમના સ્ટાફના સહયોગમાં) | ૧ |
| ૨૦ | સફળ વાર્તા, કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ, જિ. ડાંગ | ૧ |
| ૨૧ | સફળ વાર્તા, કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી | ૧ |
| ૨૨ | કૃષિ સાહિત્ય, ઈન્વોકેશન ગીત અને યુનિ. ડોકયુમેન્ટરી ફીલ્મ | સરદાર સ્મૃતિ કેન્દ્ર અને એટીક, ન.કૃ.યુ., નવસારી | ૧ |
| | | **યુનિવર્સિટીના કુલ સ્ટોલ્સ** | **૨૫** |

## (૩.૨) કેરી, ફળ, ફૂલ, કેરી અને શાકભાજી પ્રદર્શન :

- કૃષિમેળાના સ્થળે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી એક દિવસીય ફળ, ફૂલ, કેરી અને શાકભાજી પ્રદર્શન અને હરિફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં, નીચે મુજબના કુલ ૬૮૧નમુનાઓ (samples) પ્રદર્શિત કરવામાં આવેલ હતા.

| અ.નં. | પ્રદર્શન અને હરિફાઈનો વિભાગ | નમૂનાની એન્ટ્રી | ઈનામ વિત્તરણ |
|---|---|---|---|
| ૧. | ફળ વિભાગ | ૧૪૭ | ૩૮ |
| ૨. | શાકભાજી વિભાગ | ૨૭૫ | ૪૨ |
| ૩. | ફુલ વિભાગ | ૧૭૧ | ૪૮ |
| ૪. | ફળ અને શાકભાજી પરિરક્ષણ વિભાગ | ૮૮ | ૨૪ |
| | **કુલ** | **૬૮૧** | **૧૫૨** |

- ફળ, ફૂલ, કેરી અને શાકભાજી પ્રદર્શન અને હરિફાઈમાં ભાગ લેનાર  ખેડૂતો પૈકી કુલ ૧૫૨ ખેડૂતોને નવસારી કૃષિ યુનિવર્સિટી અને બાયાગત વિભાગ તરફથી ઈનામ આપવામાં આવેલ હતા, જેમાં દરેક વિભાગના પ્રથમ વિજેતાને રૂા.૫૦૦/–, દ્વિત્તીય વિજેતાને રૂા.૪૦૦/– અને તૃત્તિય વિજેતાને રૂા.૩૦૦/–ના ઈનામો આપવામાં આવેલ હતા.
- લગભગ ૧૬૭૦૦ ખેડૂતોએ કૃષિમેળાના પ્રદર્શન સ્ટોલ્સ અને ફળ, ફૂલ, કેરી અને શાકભાજી પ્રદર્શનની મુલાકાત લીધી હતી.







